૦ થી ૫ વર્ષના બાળકોના ECMP Kit થી આધાર કાર્ડની કામગીરી માટે રાખવામાં આવેલ રાજ્ય/જીલ્લા/ઘટકના સ્ટાફના પગાર ભથ્થા તેમજ અન્ય ખર્ચ કરવાની મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/2022/0019/B (ICDS)

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:WCDD/IMR/e-file/23/ 2022/0019/B (ICDS) તા. ૧૨/૯/૨૦૨૨

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:WCDD/IMR/e-file/23/ 2022/1134/B (ICDS) તા: ૧૩/૦૪/૨૦૨૩

(૩) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી નો તા.૨૮-૪-૨૦૨૩ ના પત્રર્થ નો પત્ર ક્રમાંક: ICDS/0518/04/2023

**આમુખ:**

વંચાણે લીધા (૧) અને (૨) થીECMP Kit થી આધાર નોંધણીની કામગીરી માટે જિલ્લા કન્સલટન્ટ અને આધાર નોંધણી ઓપરેટરોને આપવામાં આવતા પગારભથ્થાનો ખર્ચ સદર કામગીરી માટે ખોલવામાં આવેલ બેંક ઓફ બરોડાના બેંક એકાઉન્ટમાં જમા થતી ઇનસેન્ટીવની રકમમાંથી એપ્રીલ-૨૦૨૨ થી ડીસેમ્બર ૨૦૨૨ અને જાન્યુઆરી ૨૦૨૩ થી જૂન ૨૦૨૩ સુધીના પગાર ભથ્થા ચૂકવવા મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ (૩) થી જુલાઈ ૨૦૨૩ થી ભારત સરકાર જ્યા સુધી મહિલા અને બાળ વિકાસ વિભાગને આધાર કામગીરી બંધ કરવાનુ ન જણાવે ત્યાં સુધી રાજ્યકક્ષાની, જીલ્લાકક્ષાની અને બ્લોકકક્ષાની જગ્યાઓ ના પગાર ચુકવણા તેમજ અન્ય તમામ આધાર કામગીરીના ખર્ચ આધાર બેંક એકાઉન્ટમાંથી કરવા અંગેની મંજુરી આપવા તથા આધાર કામગીરી અંતર્ગત આધાર કીટોની જાળવણી, પગાર ચુકવણા અને અન્ય તમામ આનુષાંગિક ખર્ચ UIDAI તરફથી બેંકમા જમા થતી રકમમાથી ખર્ચ કરવા દરખાસ્ત કરેલ છે.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે તા.૦૧-૦૭-૨૦૨૩ થી ૩૧-૦૩-૨૦૨૪ સુધીરાજ્ય કક્ષાની, જીલ્લા કક્ષાની અને બ્લોક કક્ષાની જગ્યાઓ ના નીચે કોષ્ટક મુજબ પગાર ચુકવણા તેમજ અન્ય તમામ આધાર કામગીરીના આનુષાંગિક ખર્ચ આધાર બેંક એકાઉન્ટમાંથી કરવા અંગેની મંજુરી આપવા તથા સદર ખર્ચ UIDAI તરફથી જમા થતી રકમ આધાર એનરોલમેન્ટ એકાઉન્ટ, આઇસીડીએસ, ગુજરાતનું એકાઉન્ટ બેંક ઓફ બરોડામાંથી ચૂકવવા મંજૂરી આપવામાં આવે છે. તેમજ નીચેના કોષ્ટક મુજબ UIDAI દ્વારા પ્રતિ સફળ આધાર નોંધણી દિઠ મળનાર રૂ.૧૦૦ માંથી નીચે મુજબ ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવે છે.

| કામગીરીનો પ્રકાર | રૂપિયા |
|---|---|
| બ્લોક વાઇઝ ફાળવેલ આધાર નોંધણી ઓપરેટરોના પગાર ચુકવણા | રૂ.૬૦ |
| જીલ્લાકક્ષાએ આધાર કન્સલ્ટંટના પગાર ચુકવણા | રૂ.૧૦ |
| જીલ્લાકક્ષાએ અન્ય આવશ્યક વહીવટી ખર્ચ (પ્રિન્ટર રિપેરીંગ, રિફિલિંગ, સ્ટેશનરી, આધાર કિટના અન્ય ડિવાઇઝ રિપેરીંગ માટે ના ખર્ચ અને આધાર કિટને લગતા નવા ઇન્સટ્રુમેન્ટ અને આધાર કીટના ડોંગલ ડેટા રીચાર્જ ખર્ચ) | રૂ.૫ |
| નિયામકશ્રી, આઇસીડીએસ એનરોલમેન્ટ એજન્સી, ગાંધીનગર આધાર કામગીરી અંતર્ગત રાજ્ય કક્ષાએ આધાર સ્ટાફના પગાર ચુકવણા (આધાર કન્સલ્ટંટ-૧, ડેટા ઓપરેટર-૨) | રૂ.૧૦ |
| રાજ્ય કક્ષાએ અન્ય આવશ્યક વહીવટી ખર્ચ માટે (C A Audit, સારી કામગીરી માટે ઓપરેટરને પ્રોત્સાહન રકમ, આધાર સેલ માટે ભાડાનુ વાહન, આધાર મીટીંગ/ટ્રેનીંગ, આધાર તાંત્રિક સાધનો ખરીદી અને અન્ય ખર્ચ) | રૂ.૧૫ |
| કુલ | રૂ.૧૦૦ |

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગ ની તા.૨૭-૦૮-૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)

સેક્શન અધિકારી,

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આયોજન), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સર્વે જિલ્લા પંચાયત
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી – સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશન
- એકાઉન્ટન્ટ જનરલ શ્રી (અમદાવાદ/રાજકોટ)
- નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- વિભાગીય નાયબ નિયામકશ્રી (આઇસીડીએસ) (અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ)
- પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ), સર્વે જિલ્લા પંચાયત કચેરી
- પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ), સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશન
- સિસ્ટમ મેનેજર – વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by: Satish Patel
Section Officer
Date: 2023.09.06
11:50:37 +05:30

File No: WCDD/IMR/e-file/23/2022/0019/B (ICDS)
Approved By: K K Nirala(Secretary,WCDD)

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*